


## ફ્રાન્સના રાષ્ટ્રપતિને પત્નીએ ધક્કો માર્યો

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન અને તેમની પત્ની બ્રિગિટ મેક્રોન વચ્ચે થયેલી ઝઘડાનો એક વીડિયો વાયરલ થયો. મેક્રોન 25 મેના રોજ વિયેતનામ મુલાકાત માટે પહોંચ્યા હતા. મુલાકાત દરમિયાન, તેમની પત્નીએ તેમનું મોં પકડીને હનોઈના નોઈ બાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિમાનમાં જ તેમને ધક્કો માર્યો હતો. આ ઘટના ત્યારે બની જ્યારે બંને વિમાનમાંથી ઉતરવાની તૈયારી કરી રહ્યા હતા. પછી બેઉ સાથે ઉતર્યા અને મેક્રોને કહ્યું કે મજાક કરતા હતા.



## કાશ પટેલ એફબીઆઈના વડા

ગુજરાતી (આણંદ) મૂળના 45 વર્ષીય કાશ પટેલને ટ્રમ્પે ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન-એફબીઆઇના વડા બનાવ્યા. તેમણે હિંદુ હોવાનો ગર્વ વ્યક્ત કરી ગીતા પર હાથ મૂકીને હોદ્દાના શપથ લીધા. વર્ષ દરમ્યાન તેમના પર હોદ્દાના દુરુપયોગના આક્ષેપો પણ થયા.



## જાપાનનાં સૌ પ્રથમ મહિલા વડા પ્રધાન

સાના તાકાયચી જાપાનના સૌ પ્રથમ મહિલા વડા પ્રધાન બન્યા. ઈશિબાએ રાજીનામું આપતા તેઓ ઉપલા ગૃહમાં માત્ર એક મતની સરસાઇથી સત્તા પર આવ્યા.



## ઓસ્ટ્રેલિયામાં સોશિયલ મીડિયા પર પ્રતિબંધ

ઓસ્ટ્રેલિયા 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો દ્વારા સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ દેશ બન્યો. આ અંતર્ગત ઇન્સ્ટાગ્રામ, ફેસબુક, સ્નેપચેટ, ટિકટોક અને એક્સ જેવા પ્લેટફોર્મ પર બાળકોના એકાઉન્ટ્સ બંધ કરી દેવામાં આવ્યા છે.




## 7 મિનિટમાં કરોડોની લૂંટ

પેરિસમાં એક ઓક્ટોબરની સવારે, લૂવરમાં પ્રવાસીઓ આવવાના અડધા કલાક પછી, ચાર માસ્ક પહેરેલા માણસો સીન નદી કિનારે દેખાયા. વાહનમાં લગાવેલી સીડીનો ઉપયોગ કરીને, તેઓ બીજા માળની બાલ્કનીમાં ચઢ્યા, પાવર ટૂલ્સથી બારી કાપીને એપોલો ગેલેરીમાં ગયા. સાત મિનિટમાં, તેઓએ લગભગ 102 મિલિયન ડોલરના આઠ નંગ ચોરી લીધા. આમાં મહારાણી યુજેનીનો હીરા જડિત મુગટ, રાણી મેરી-એમેલી દ્વારા પહેરવામાં આવતા નીલમના નંગ અને નેપોલિયન પહેલાએ તેની યુવાન કન્યાને આપેલા રત્નોનો સમાવેશ થાય છે. રક્ષકો પ્રતિક્રિયા આપે તે પહેલાં જ તે અદૃશ્ય થઈ ગયા. એક મહિનાની અંદર, શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ રત્નો હજુ પણ ગાયબ છે.



## બલુચિસ્તાન અને કબજાવાળું કાશ્મીર સળગ્યા

2025માં બલુચિસ્તાનમાં હુમલા, બોમ્બ વિસ્ફોટ અને સશસ્ત્ર ઘટનાઓમાં ઓછામાં ઓછા 248 નાગરિકો અને 205 સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા હતા. બલુચ લિબરેશન આર્મીએ અવાનવાર પાકિસ્તાની સેના પર હુમલા કર્યા. તેમણે પાકિસ્તાનના ક્વેટાથી પેશાવર જતી ટ્રેન હાઈજેક કરી અને 400 મુસાફરોને 28 કલાક બાનમાં રાખ્યા. પાકિસ્તાનમાં જાફર એક્સપ્રેસ પર પણ ચાર વાર હુમલા થયા. કબજાવાળા કાશ્મીરમાં પણ પ્રચંડ વિરોધ પ્રદર્શનો થયા.

## ઈમરાન ખાનનાં મોતની અફવા



ઈમરાન ખાન જેલમાં છે અને જેલમાં તેમના પર સિતમ ગુજારી મારી નાખવામાં આવ્યા એવી અફવા ઉડી. ઈમરાનની બહેનને પહેલા મળવા ન દેવાયા અને પોલીસ ઘસડી ગઈ. અફવા બાદ મળવાની છૂટ અપાઈ.



## બાંગ્લાદેશમાં હિંદુઓ પર હુમલા જારી

**બાંગ્લાદેશમાં 2024માં શેખ હસીનાને સત્તા પરથી ઉખેડી નાખતા હિંસક દેખાવો પછી 2025માં પણ અસ્થિરતા અને તોફાનો ચાલુ રહ્યા. જેમાં હિંદુઓ પર હુમલા વધ્યા. હસીના હજી ભારતમાં છે અને બાંગ્લાદેશમાં મોતની સજા બાદ પ્રત્યાર્પણની વિધિવત્ વિનંતી કરાઈ છે. યુવા નેતા શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ આ મહિને પણ દેખાવો થયા અને હિંદુઓને નિશાન બનાવાયા.**



## સિડનીના બીચ પર આતંકી હુમલો

**સિડનીના બોન્ડાઈ બીચ પર આર્ચર પાર્કમાં યહૂદીઓ મોટી સંખ્યામાં તહેવાર ઉજવી રહ્યા હતા ત્યારે બે ત્રાસવાદીઓએ અંધાંધૂંધ ગોળીબાર કરીને 15 જણાને મારી નાખ્યા. એક નીડર અને નિઃશસ્ત્ર શખ્સે એક આતંકવાદીને પાછળથી પકડી લીધો. હુમલાખોર પિતા-પુત્ર હતા અને મૂળ હૈદાબાદના હતા.**